# વી. એન્ડ સી. પટેલ ઇંગ્લીશ સ્કુલ

## પ્રથમ સત્રાંત પરીક્ષા : ૨૦૧૭

ધોરણ-૧૧ | સમય : ૩ કલાક
તા.૧૮-૯-૧૭ | વિષય : ગુજરાતી | કુલ ગુણ : ૧૦૦

સૂચના :
– બધા જ પ્રશ્નોના ઉત્તરો ફરજીયાત છે. – જમણી બાજુ આંકડા ગુણ દર્શાવે છે.
– પ્રશ્નપત્રમાં કુલ ચાર વિભાગો છે. – અપઠિત-૧૦, લેખન વિભાગ-૨૦, વ્યાકરણ-૨૦, સાહિત્ય-૫૦

### વિભાગ – અ (અપઠિત વિભાગ)

પ્ર-૧ નીચે આપેલો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો તમારી ભાષામાં લખો. ૧૦

સહનશીલતા એ મનુષ્યનો સહુથી મોટો ગુણ છે. એમ શ્રીમા શારદાદેવી કહે છે. જીવનમાં જેઓ સહી લે છે. તેમના માટે કોઇ મુશ્કેલી હોતી નથી. પણ જેઓ સહન કરી શકતાં નથી, તેઓ બધું ગુમાવે છે. આજે કુટુંબો ભાંગી રહ્યાં છે. તેની પાછળનું જો કોઇ મુખ્ય કારણ હોય તો તે સહનશીલતાનો અભાવ છે. સત્તરમા સૈકામાં ઑ ઑસાન્ નામના પ્રધાનના પરિવારમાં લગભગ એક સો માણસો પ્રેમપૂર્વક સંપથી રહેતા હતા. આ પરિવારના સંપ વિશે એમ કહેવાતું હતું કે ઑસાનના ઘરનો કૂતરો પણ બીજા ઘરના કૂતરા સાથે ઝઘડતો નથી. ત્યાંના સમ્રાટને આ વાતની ખબર પડી એટલે તેઓ પ્રધાનના ઘેર ગયા. તેમના પરિવારના આવા અદ્દભૂત સંપનું રહસ્ય શું છે, તે જણાવવા કહ્યું. વયોવૃદ્ધ પ્રધાને પોતાના પૌત્રને કાગળ પેન્સિલ લાવવા કહ્યું. ધ્રુજતે હાથે તેમણે આ સંપના કારણો લખી આપ્યાં. રાજા કાગળ વાંચીને આશ્ચર્યચકિત થઇ ગયો. એ કાગળમાં સો વાર એક જ શબ્દ લખ્યો હતો અને તે શબ્દ હતો સહનશીલતા. જો વ્યક્તિને સુખ-શાંતિ-પ્રેમ જોઇતાં હોય તો સહન કરતાં શીખી લેવું પડશે. સહનશીલ બનવા માટે બીજા કશાની જરૂર નથી. ફક્ત મન ઉપર સંયમ રાખવાની જરૂર છે. એકવાર જો આ સંયમ મન ઉપર આવી જાય તો પછી સહનશક્તિની જાદુઇ ચાવી હાથમાં આવી જાય.

પ્રશ્નો :

૧. મનુષ્ય જીવનમાં સહનશીલતા કેળવે તો તે શું પ્રાપ્ત કરી શકે છે. ?
૨. સહનશીલ બનવા માટે માનવે શું કરવું જોઇએ ?
૩. વયોવૃદ્ધ પ્રધાને પૌત્ર પાસે શું મંગાવ્યું ? તેઓએ તેનું શું કર્યું ?
૪. ઑ ઑસાનના પરિવારની શી વિશેષતા હતી ?
૫. શ્રીમા શારદાદેવી સહનશીલતા વિશે શું કહે છે ?

### વિભાગ-બ (નિબંધ લેખન)

પ્ર-૨ અ. નીચે આપેલા વિષયોમાંથી કોઇપણ એક વિષય પર આશરે ૨૫૦ શબ્દોમાં નિબંધ લખો. ૮

૧. મોંઘવારી
૨. મારા સ્વપ્નનું ભારત...
૩. જો પરીક્ષાઓ ન હોય તો....

બ. નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા રચો અને તેને યોગ્ય શીર્ષક આપો. ૬

માધવ અને કાનન પતિપત્ની – ઘણાં ગરીબ – માધવ પાસે દાદાનું સોનાનું ઘડિયાળ – પટ્ટો ફાટેલો – પહેરાતું નહીં – કાનના વાળ ખૂબ લાંબા – બક્કલ લાવવાના પૈસા નહીં – જેથી અંબોળાથી ચલાવવું – બન્નેની લગ્નતિથિ આવી – બન્નેનું એકબીજાને સારી ભેટ આપવાનું વિચારવું – માધવે સોનાનું ઘડિયાળ વેચી મોંઘા બક્કલ ખરીદ્યા – કાનને પોતાના લાંબા વાળ વેચી ઘડિયાળનો પટ્ટો ખરીદવો – અંતે રહસ્ય ખૂલવું.

ક. વર્તમાન સમયમાં 'સ્ત્રી શિક્ષણનું મહત્વ' સમજાવતો પત્ર તમારા મિત્રને લખો. ૬

અથવા

વધુ વરસાદના કારણે ખેડૂતોને ખેતીમાં ખૂબ જ મોટું નુકશાન ગયું હોવાથી આર્થિક સહાય માટે મુખ્યમંત્રીને પત્ર લખો.

## વિભાગ-ક (વ્યાકરણ)

પ્ર-૩ અ. સૂચના પ્રમાણે પરિવર્તન કરો. ૩

૧. મોટા ભાઈ, કાલે આપણે ભાગ વહેંચવા છે. (ઉદ્‌ગાર વાક્ય બનાવો.)

૨. એમના કહ્યા પ્રમાણે કરવું જોઈએ ? (વિધાનવાક્ય બનાવો.)

૩. આવતી કાલે શાળામાં આવવાનું છે. (પ્રશ્ન વાક્ય બનાવો.)

બ. નીચે આપેલા રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્ય પ્રયોગ કરો. ૩

૧. લીલીસૂકી જોવી. ૨. જીવ ત્રાજવે ત્રોળાવો. ૩.મોઢું ચડી જવુ

ક. નીચેના સમાસ ઓળખાવો. ૩

૧. દિવસરાત ૨. ફૂલહાર ૩. આગગાડી

ડ. નીચેના વાકયોને લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દષ્ટિએ સુધારો. ૩

૧. સુદામા ભગવાન શ્રીકૃષ્ણ પાસે જઇ રહી હતી.

૨. તમે અમારે ઘરે સહકુટુંબ સાથે આવજો.

૩. બીમાર માણસે હંમેશાં મગજ ખાવું જોઇએ.

ઇ. નીચેની કહેવતોનો અર્થ આપો. ૩

૧. દૂધના દૂધમાં ને પાણીના પાણીમાં. ૨. ખોદ્યો ડુંગર ને નીકળ્યો ઉંદર.

૩. જર, જમીન ને જોરું, ત્રણે કજિયાના છોરું.

ઈ. નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દ આપો. ૨

૧. બંદગી ૨. રાંક ૩. ક્ષુલ્લક ૪. લેખાં

ઈ. નીચેના શબ્દોના વિરોધી અર્થવાળા શબ્દો આપો. ૧

૧. અથ ૨. અગ્રજ

ઉ. નીચેના શબ્દોની જોડણી સુધારીને લખો. ૨

૧. કિર્તી ૨. નારીયેળી ૩., રાષ્ટ્રીય ૪. પાણીયારું

## વિભાગ-૬

**પ્ર-૪ અ. નીચેનામાંથી કોઇપણ ચાર વિધાનોનો પૂર્વાપર સંબંધ આપો.** ૮

૧. 'હું નવરાવતી હતી ત્યારે મને શરીર જરા ઊનું લાગતું હતું.'

૨. 'પૂછું તો ખરો કે નથી તો બોલચાલ થઇ કે નથી એવી કંઇ આંટી પડી.'

૩. 'દીકરી બિચારી પહેલી વાર કોલેજમાં પહેરવા સારું કાપડ લઇ આવી, અને મૂઇ હું એ ન જીરવી શકી !'

૪. 'કરાવી લઇશું. અરે, હું જ કરી નાખીશ...! તારાં છોકરાં રમાડવા સિવાય મારે બીજું કામેય શું છે !

૫. 'મા ! વિજય તો તમારો જ થશે, પણ પાંડવો પાંચના પાંચ રહેશે, અર્જુન હણાશે તો હું, અને હું હણાઇશ તો અર્જુન.'

**બ. નીચેનામાંથી કોઇ પણ બે પ્રશ્નોના સાતથી આઠ વાકયોમાં ઉત્તર લખો.** ૮

૧. નવી મા શરૂઆતમાં બાળકની કેવી કેવી કાળજી લે છે ? અંતે ખરી મા બનવા તેણે શું કર્યું ?

૨. 'મિલકત વધવાની સાથે ઇચ્છાશંકરનો મિલકત પ્રત્યેનો મોહ ઘટતો ગયો' તેમ શા પરથી કહી શકાય ?

૩. કર્ણની લાચારી તથા દૂર્યોધન પ્રત્યેની વફાદારીની ચર્ચા પાઠને આધારે કરો.

**ક. નીચેનામાંથી કોઇપણ બે પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો.** ૪

૧. કલામે પોતાની અંદર રહેલા બાળકને મૃત્યુ પામતો ક્યારે જોયો ? કેવી રીતે ?

૨. માની ગેરહાજરી વિશે કુસુમાયુદ્ધને નાનપણમાં કેવા કેવા જવાબો મળતા ?

૩. મૂળશંકર મિલકતમાં ભાગ પૂછવાનું કારણ શાથી પૂછી શકયો નહિ ?

**પ્ર-૫ અ. નીચેનામાંથી કોઇપણ ત્રણ પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો.** ૬

૧. શ્રીકૃષ્ણ નહીં જાગે તો કયાં કયાં કાર્યો અટકી પડશે ?

૨. 'પિતાની સેવા' કાવ્યના અંતે પુત્રએ શી ઇચ્છા વ્યક્ત કરી છે ?

૩. ઇશ્વર કેવા કેવા સ્વરૂપે અને કયાં કયાં રહેલો છે ?

૪. વિદ્યા તથા આયુષ્ય વિશે બહેન ભાઇને શું જણાવે છે ?

**બ. નીચેનામાંથી કોઇપણ બે પ્રશ્નોના વિસ્તૃત ઉત્તર આપો.** ૮

૧. 'જાગને જાદવા' કાવ્યમાં શ્રીકૃષ્ણને જગાડવા કયાં કયાં કારણો આપ્યાં છે તે સવિસ્તર જણાવો.

૨. 'પિતાની સેવા' કાવ્યમાંથી પ્રગટતો પિતૃવાત્સલ્યનો ભાવ તમારા શબ્દોમાં વર્ણવો.

૩. 'ભવિષ્યવેત્તા' કાવ્યમાં બહેને જોયેલું ભાઇનું ભાવિ તમારા શબ્દોમાં લખો.

**ક. નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર તમારા શબ્દોમાં લખો.** ૬

સરગ ભવનથી રે ઉતર્યા ગવતરી,
આવ્યાં મરતૂક લોકમાં મા'લવા રે.
ચરવા ડુંગરડે ને પાણી પીવા ગંગા:
વાઘ વીરાની નજરે પડ્યાં રે.
ઊભાં રો' ગવતરી પૂછું એક વાત

માઢે આવ્યું ખાજ નહિ મેલું રે,
સાંભળ, વાઘ વીરા ! કહું તને વાતઃ
ઘરે મેં મેલ્યાં નાનાં વાછરું રે.
ચંદર ઊગ્યાની, વીરા અવધ્યું આપો
વાછરું ધવરાવી વ્હેલાં આવશું રે
નો રે આવું તો બાવા નંદજીની આણ્યું,
ચાંદો સૂરજ આપું સાખિયા રે !
પે'લો હીંહોટે ગાયે સીમડિયે નાખ્યો,
બીજે હીંહોટે આવ્યાં વાડીએ રે.
ત્રીજો હીંહોટો ગામને ગોંદરે નાખ્યો
ચોથે હીંહોટો વાછરું ભેટિયાં રે.
ઊઠો ઊઠો, વાછરું ! ધાવો માના દૂધ,
અવધ્યું આવી વીરા વાઘની રે.
ઘેલી માતા કામધેનું, ઘેલડિયાં ન બોલો !
કળયેલું દૂધ કડવો લીંબડો રે.
મોર્ય ચાલ્યાં વાછરું ને વાંસે માતા કામધેનું,
કલ્યાણી વનમાં ઊભાં રિયાં રે.
ઊઠો ઊઠો, વાઘ મામા, પે'લાં અમને મારો.
પછી મારો અમારી માતને રે.
નાનાં એવાં વાછરું, તમને કોણે શીખવિયાં,
કિયે વેરીડે વાચા આલિયું રે.
રામે શીખવિયાં, લખમણે ભોળવિયાં,
અરજણે વાચા આલિયું રે.
નાનાં એવાં વાછરું, તમે કરો લીલાલે'ર,
વસમી વેળાએ સંભારજો રે

**પ્રશ્નો :**

૧. ગાય કયાંથી આવીને ક્યાં જવાની હતી ?
૨. ગાય કોની નજરે ચડે છે ? તે શું કહે છે ?
૩. ગાય વાઘને કઇ વાત કહે છે ?
૪. ગાય કોને કોને સાક્ષીએ રાખે છે ?
૫. હીંહોટો' શબ્દનો અર્થ આપો.
૬. વાછરડાઓ વાઘને શું કહે છે ?

પ્ર-૬ નીચેનામાંથી કોઇ પણ એક લેખકનો પરિચય આશરે ૨૦૦ શબ્દોમાં આપો. ૧૦

૧. પન્નાલાલ પટેલ
૨. દલપતરામ
૩. કલાપી